ગાંધીનગર સમાચાર

જન્મદિને વધામણી

મંથન ભટ્ટ
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ

સૂર્યકાન્ત બારોટ
ઉપપ્રમુખ, પેન્શન સમાજ
ટ્રસ્ટી/મહામંત્રી, ત્ર્યબંકેશ્વર
મહાદેવ, સેક્ટર-૮
મો. : ૯૯૧૩૩૭૭૩૬૧

બરખા જહા
કોર્પોરેટર, વોર્ડ નં. ૧
ગાંધીનગર મહાનગરપાલિકા

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.
- સંપાદક

એસ. કે. પટેલ સ્કૂલમાં 'નેશનલ લીડર ડે' ઉજવાયો

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.કે.પટેલ ઈંગ્લિશ મિડિયમ સ્કૂલમાં' નેશનલ લીડર ડે'ની ઉત્સાહપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી, જેમાં બાળકો અને શિક્ષિકાઓએ ભેગા મળીને આ ડે ઉજવ્યો હતો.આ દિવસે બાળકોએ જુદા જુદા વસ્ત્રો પરિધાન કર્યા હતા જેવા કે સુભાષચંદ્ર બોઝ,ઝાંસીની રાની, નરેન્દ્રમોદી,જવાહરલાલ નેહરૂ,ઈન્દિરા ગાંધી,અબ્દુલ કલામ,મહાત્મા ગાંધી વગેરે.શિક્ષિકાઓએ આ અગ્રણી નેતાઓ વિષે બાળકોને માહિતગાર કર્યા હતા.

અશ્વિનભાઈ પટેલ કૉમર્સ કૉલેજમાં નિષ્ણાત વ્યાખ્યાનનું આયોજન

ગાંધીનગર, તા. ૧૨

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજમાં અનુસ્નાતક વિદ્યાર્થીઓ માટે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

સ્કૂલ ઑફ કૉમર્સ, ગુજરાત યુનિવર્સિટીના આંકડાશાસ્ત્ર વિષય નિષ્ણાત પ્રૉ. ડૉ. હેમલબેન પંડ્યાએ 'પર્ટ અને સીપીએમ' તથા 'પ્રૉજેક્ટ વર્ક' વિષયે વ્યાખ્યાન આપ્યું હતું. સ્કૂલ ઑફ કૉમર્સ, ગુજરાત યુનિવર્સિટીના ઍકાઉન્ટન્સી વિભાગના નિષ્ણાત પ્રૉ. ડૉ. ચેતના મારવાડીએ 'વિચરણ પૃથ્થકરણ' અને 'પ્રૉજેક્ટ વર્ક' વિષયે તજ્જ્ઞ વ્યાખ્યાન આપ્યું હતું. આ વ્યાખ્યાનનો લાભ ૫૯ વિદ્યાર્થીઓએ લીધો હતો. કાર્યક્રમનું સુંદર આયોજન આચાર્ય ડૉ. વિજ્ઞાબેન ઓઝાના માર્ગદર્શનમાં પ્રૉ. વિરાજબેન રાઠોડ દ્વારા કરવામાં આવ્યું હતું.

વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે સમગ્ર વર્ષ દરમિયાન વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા થઈ રહ્યું છે, જે અનુસંધાને ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં ચાલતા ઍમઍસડબલ્યુના પ્રથમ સેમિસ્ટરના વિદ્યાર્થીઓ દ્વારા શિહોલી અને ડભોડા ગામમાં વૃક્ષારોપણ અને 'થેલેસેમિયા રોગ' વિષયે રોલ-પ્લે કરવામાં આવ્યો હતો.

શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજના ઍનઍસઍસ યુનિટ દ્વારા ઓરીએન્ટેશન પ્રોગ્રામ

ગાંધીનગર, તા. ૧૨

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ ખાતે ઍનઍસઍસમાં જોડાયેલી નવી વિદ્યાર્થીઓ માટે ઓરીએન્ટેશન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામમાં મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, કલોલના ડૉ. હિરાભાઈ સોલંકીએ વ્યાખ્યાન આપ્યું હતું. તેમણે ઍનઍસઍસ દ્વારા કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓ અને તે દ્વારા વ્યક્તિત્વ વિકાસ અંગે વિદ્યાર્થિનીઓ સાથે વાત કરી હતી. તેમણે તેમના ઍનઍસઍસ પ્રોગ્રામ ઑફિસર તરીકે કરેલી કામગીરીનો રસપ્રદ અહેવાલ વિદ્યાર્થિનીઓને આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રોગ્રામ ઓફિસર ડૉ. નરેન્દ્ર કે પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. ડૉ. રાકેશ આર પટેલે વક્તાનો પરિચય આપ્યો હતો, વિદ્યાર્થિનીઓ દ્વારા આભાર પ્રગટ કરવામાં આવ્યો હતો.

શ્રી સ્વામીનારાયણ ગુરુકુળ, ગાંધીનગરના શાસ્ત્રી શ્રી હરિપ્રકાશ સ્વામીના ૯૦મા પ્રાગટ્યદિવસની ઉજવણી ગુરુકુળ પરિવાર દ્વારા ભાવથી કરવામાં આવી હતી. સ્વામીજીએ યુવાધનમાં શિક્ષણ અને સંસ્કાર દ્વારા રાષ્ટ્રભાવના જગાડવા માટે ગાંધીનગર, ભાવનગર, કેવડીયા, પોરબંદર અને રોજડમાં ગુરુકુળની સ્થાપના કરી છે. ૬૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ આ સંસ્થાઓમાં અભ્યાસ કરી રહ્યા છે. ૧૯૭૪માં સર્વપ્રથમ દીકરા-દીકરાઓને સમાન તક આપતી ગુરુકુળની સ્થાપના તેમણે કરી હતી, જે આજે વટવૃક્ષ સમાન બની ગઈ છે ને અહીં સ્કૂલથી માંડીને કૉલેજ સુધીનું શિક્ષણ મેળવવાની વ્યવસ્થા છે.

ગાંધીનગર, તા. ૧૨

એઍફઍસ અંતર્ગત કડી ખાતેની સર્વ વિદ્યાલય સંસ્થામાં ત્રણ વિદેશી વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે, જેમણે ગાંધીનગર સર્વ વિદ્યાલય કૅમ્પસની મુલાકાત લીધી હતી. તેમની સાથે સ્વિત્ઝર્લેન્ડથી આવેલાં વોલન્ટીયર મિત્તલા પણ જોડાયાં હતાં.

ઍમ બી પટેલ અંગ્રેજી માધ્યમ શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથે તેમણે શૈક્ષણિક અને સાંસ્કૃતિક આદાનપ્રદાન કર્યું હતું અને વિદ્યાર્થીઓની દિનચર્યા, વિદ્યાર્થી-શિક્ષક સંબંધો અંગે તંદુરસ્ત ચર્ચા કરી હતી.

ગાંધીનગર એઍફઍસ ચૅપ્ટરનાં પ્રમુખ અને શાળાનાં શિક્ષક વર્ષાબેન પારેખ દ્વારા વિદ્યાર્થીઓને સંબોધન કરતાં જણાવવામાં આવ્યું હતું કે દરેક દેશને પોતાનું આગવું કલ્ચર છે અને તે શ્રેષ્ઠ છે. ભારત એક એવો દેશ છે જ્યાં વિવિધતામાં એકતા છે. શાળાનાં શિક્ષક સ્નેહા મોસ, શિલ્પા પટેલ, સાધના ક્ષત્રિય, સેજલ પરમાર અને નદીમ મેમણ દ્વારા વિદ્યાર્થીઓ સાથે સંવાદ સાધી તેમના પ્રશ્નોના ઉત્તરો પાઠવવામાં આવ્યા હતા. આચાર્ય અર્પિત ક્રિશ્ચિયને વિદ્યાર્થીઓને આશીર્વચન પાઠવી અહીંથી જે ભાથું મળે તેને પોતાના દેશમાં વિસ્તારવા માટે નમ્ર અપીલ કરી હતી. વિદેશી વિદ્યાર્થીઓએ ગર્લ્સ હૉસ્ટેલનાં સંયોજક કૌશલ્યાબેન પરીખ સાથે પણ સ્નેહ મુલાકાત કરી હતી અને ગુજરાતી ભોજનનો આનંદ માણ્યો હતો.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી ઍમ બી પટેલ ગર્લ્સ પ્રાઈમરી સ્કૂલની ધોરણ-૪ની લગભગ ૨૧૯ વિદ્યાર્થીની બહેનોએ સેક્ટર-૨૧ના શાકમાર્કેટની મુલાકાત લીધી હતી, જ્યાં વિવિધ શાકભાજી તથા ફળોની ઓળખ દુકાનદારે કરાવી હતી. એક વેપારીએ સૌ વિદ્યાર્થિનીઓને કેળાં અને સફરજનની લ્હાણ કરી હતી.

સરકારી જિલ્લા પુસ્તકાલય દ્વારા લાયબ્રેરી ડેની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૧૨

સરકારી જિલ્લા પુસ્તકાલય, સેક્ટર-૨૧ ખાતે ડૉ. એસ આર રંગનાથની જન્મ જયંતી અને લાયબ્રેરી ડેની ઉજવણીના ભાગરૂપે વિવિધ વિષયમાં પ્રકાશિત પુસ્તકોનું પ્રદર્શન ગાંધીનગર મહાનગર પાલિકાના ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડાના હસ્તે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ડેપ્યુટી મેયરે જણાવ્યું હતું કે માનવીના જીવનમાં પુસ્તક જ સાચો મિત્ર છે અને પુસ્તક જેની પાસે હોય તેને ક્યારેય એકલતાનો અનુભવ થતો નથી. આધુનિક યુગમાં મોબાઈલ કરતાં પુસ્તકોના વાચનથી મનના વિચારો સુવિકસિત બને છે.

જિલ્લા ગ્રંથપાલ ડૉ. જયરામ દેસાઈએ વિદ્યાર્થીઓને આ પ્રસંગે પુસ્તક વાચન અને સ્પર્ધાત્મક પુસ્તકોના વાચન માટે આહ્વાન કર્યું હતું.

આ ઉજવણીનો લાભ ગાંધીનગરની વાચનપ્રેમી જનતા અને વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં લીધો હતો.

શ્રી જે ઍમ પટેલ વિદ્યામંદિર દ્વારા મહિલા સશક્તિકરણ પખવાડિયા નિમિત્તે રેલી યોજાઈ

ગાંધીનગર, તા. ૧૨

શ્રી જે એમ પટેલ વિદ્યામંદિર, રાંધેજાની વિદ્યાર્થિનીઓએ મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી નિમિત્તે રેલીનું આયોજન કર્યું હતું અને ગૂજરાત વિદ્યાપીઠ પરિસરની મુલાકાત લીધી હતી. અમીષાબેન શાહે વિદ્યાર્થિનીઓને શિક્ષણનાં મહત્ત્વ અને ઉપયોગ વિશે વિગતે સમજ આપી હતી.

સોશિયલ મીડિયા.કોમ

અકબર : બિરબલ, મને એ જણાવ કે આપણા સ્ટાફમાં સૌથી વધુ કામ કોણ કરે છે ?
બિરબલ એક માણસનો હાથ પકડીને લાવ્યો ને કહ્યું કે, જહાંપનાહ, આ જ છે એ માણસ, જે આપણા સ્ટાફમાં સૌથી વધુ કામ કરે છે.
અકબર : તેં કેમ જાણ્યું ?
બિરબલ : બહુ સરળતાથી જહાંબનાહ. એના મોબાઈલ ફોનની બેટરી ૯૮ ટકા જેટલી બાકી છે !

●

તમે કેટલા મોટા છો એના કરતાં તમે લોકોને કેટલા વધુ ઉપયોગમાં આવ્યા એ વધારે મહત્ત્વનું છે.

●

પહેલાં લોકો મરી જતા હતા અને આત્મા ભટકતી હતી,
હવે અંતરઆત્મા મરી જાય છે ને લોકો ભટકે છે,

●

તમને ડૂબાડવા માટે આ દુનિયામાં ઘણાં એવાં માણસો પણ બેઠાં હશે, જેમને તરતાં તમે પોતે જ શીખવ્યું હશે.

●

સરકતી ઉંમરનો એક વસવસો હોય છે.... તું કહીને કહેનારાઓની સંખ્યા ઘટતી જાય છે !

●

એક 'કાશ', બહુ બધી 'આશ' અને મર્યાદિત 'શ્વાસ' વચ્ચે અટવાયેલી રમત એટલે જિંદગી...

●

દબાણ હટાવ ઝૂંબેશ જોઈને એક સજ્જને મહાનગરપાલિકાને ફોન કર્યો ને પૂછ્યું : 'મારે ઘેર પત્નીનું દબાણ વધારે છે, તમે એ બાબતમાં કંઈ કરી શકો એમ છો ?'

●

પતિ-પત્ની બેડરૂમમાં હતાં. પતિ લેપટોપ પર કામ કરી રહ્યો હતો અને પત્ની મોબાઈલમાં મશગૂલ હતી. અચાનક પતિના મોબાઈલ ફોન પર મેસેજ ટોન સંભળાયો. ફ્રીઝ ઉપર ચાર્જિંગ માટે મૂકેલા મોબાઈલ ફોન સુધી પતિ પહોંચ્યો અને મેસેજ જોયો, જેમાં લખ્યું હતું : આવતી વખતે પાણીની બોટલ લેતા આવજો.....

●

કંપની

નદી કિનારે ૫૦૦૦ ચોરસ વાર ના મોટા પ્લોટમાં અજયનો આલીશાન બંગલો હતો ; શહેર ના અતિ ધનિક લોકો માં એની ગણતરી થતી . અજય એની પત્ની રીટા અને પુત્ર સુકેન તથા પિતા હસમુખરાય સાથે ભવ્ય વીલા માં રહેતો હતો. એક દિવસ ડાઈનિંગ ટેબલ પર સહુ જમવા બેઠા હતા ત્યારે હસમુખરાયે કહ્યું 'બેટા મને ઘરડા ઘરમાં મૂકી આવને ; અજય અને રીટા ચોંકી ઉઠ્યા અને વિચાર્યું કે અમારી માવજતમાં કોઈ ખામી રહી ગઈ કે શું ?' અજયે કહ્યું, કેમ પપ્પા , અમારાથી કોઈ ભૂલ થઈ ગઈ કે કોઈએ તમને કઈ કહ્યું ? હસમુખરાયે હસતા હસતા કહ્યું, ના બેટા ના ; તું, વહુ અને સુકેન જેટલી સાર સંભાળ મારી કોણ રાખી શકે ? પણ હું અહિંયા એકલો આખો દિવસ કંટાળી જાઉં છું અને ઘરડા ઘર માં મારા ત્રણ જુના મિત્રો છે તો મારો ટાઈમ પાસ થઈ જશે . અજયે કહ્યું, પપ્પા , સમાજ અમારા માટે શું વિચારશે ; ૬ મહિના જવા દો હું કઈ વ્યવસ્થા કરી આપીશ . હસમુખરાય પણ માની ગયા. વાત વિસરાઈ ગઈ. અજયે વિલાની બાજુમાં એક નાનું આઉટ હાઉસ બનાવવાનું શરુ કર્યું અને જોતજોતા માં એક સુંદર મજાનું આઉટ હાઉસ તૈયાર થઈ ગયું . હસમુખરાયે પૂછ્યું ; બેટા આ શું કામ બનાવ્યું ? આપણું આટલું મોટું ઘર છે ને. અજયે કહ્યું કે મેહમાનો માટે છે ને આવતા રવિવારે તમારા હાથે ઉદ્ઘાટન કરવાનું છે. રવિવાર આવી ગયો , ફેમિલી મેમ્બર્સ અને થોડા મિત્રોને બોલાવવામાં આવ્યા હતા , આઉટ હાઉસ પર રીબીન બાંધવામાં આવી હતી; હસમુખરાયે તાળીઓ ના ગડ્ગડાટ સાથે રીબીન કાપી ; અજયે કહ્યું, પપ્પા બારણું પણ ખોલો , હસમુખરાયે બારણું ખોલ્યું, સામે ખુરશી પર તેમના ત્રણ મિત્રો બેઠા હતા. હસમુખરાય ખુશીથી ઝૂમી ઉઠ્યા અને ત્રણે મિત્રોને ગળે લગાડી દીધા . અજય રૂમમાં દાખલ થયો તો ચારે વડીલો એને ભેટી પડ્યા. અજયે કહ્યું કે પપ્પાની ઈચ્છા હતી કે તમારી સાથે જિંદગી વિતાવે એટલે હું ત્રણે વડીલોને ઘરડા ઘરથી અહીં લઈ આવ્યો. આજથી તમારા લોકોનું આ જ ઘર છે. મેં એક કેર ટેકર શંભુ કાકાને પણ રાખ્યા છે જે તમારી તહેનાતમાં આખો દિવસ હાજર રહેશે. ચારે વડીલોની આંખમાંથી અશ્રુઓ વહી ગયા. અજય બારણું બંધ કરીને બહાર નીકળ્યો અને રૂમમાં થી ખડખડાટ હાસ્યના અવાજો આવવા લાગ્યા . અજય મનોમન બોલી ઉઠ્યો, જુના મિત્રોની કંપની સ્ટીરોઈડ જેવી હોય છે !!!

રાજ્યના ગાયનેકોલોજિસ્ટે સોનોગ્રાફી મશીન રાખવા પરીક્ષા આપવી પડશે : હાઈકોર્ટ

અમદાવાદ, તા. ૧૨

પ્રિ-નેટલ ડાયગ્નોસ્ટિક ટેકનિક્સ ઍક્ટ એટલે કે ગર્ભધારણ પૂર્વે અને જન્મ પૂર્વેના નિદાનની કાર્યપદ્ધતિના કાયદા બાબતે ગુજરાત હાઈકોર્ટે મહત્ત્વ પૂર્ણ ચુકાદો આપ્યો છે. કોર્ટના ચુકાદા મુજબ, સોનોગ્રાફી મશીન રાખવા અને ચલાવવા માગતા રાજ્યના તમામ ગાયનેકોલજિસ્ટે (સ્ત્રીરોગ ચિકિત્સક) તાલીમ લઈ પરીક્ષા આપવી પડશે. પીએનડીટી એક્ટ-૧૯૯૪ હેઠળની મુખ્ય જોગવાઈ અન્વયે બાળકનાં જાતિ પરીક્ષણ પર પ્રતિબંધ નિયત કરવામાં આવ્યા છે. જે અન્વયે જે તે જિલ્લાની ઓથોરિટી પાસે નોંધણી કરાવી નિયમોનું પાલન કરવાનું રહે છે. ગર્ભનું જાતીય પરીક્ષણ થઈ શકે તેવાં તમામ સાધન ધરાવતી સંસ્થાએ આ એક્ટ અંતર્ગત રજિસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે. આ ઉપરાંત તમામ સાધનોનું ખરીદ - વેચાણ, રીપેરિંગ કરનારે દર ૩ માસે આ અંગેનો રિપોર્ટ કરવાનો હોય છે. નોંધણીનું પ્રમાણપત્ર ક્લિનિકમાં દર્દીઓ અને તેના સગા સંબંધીઓ વાંચી શકે તેમ લગાડવું. સગર્ભા સ્ત્રીનું માહિતીનું રજિસ્ટર તથા તેમાં દર્દીનાં નામ, સરનામાં, ટેલિફોન નંબર ખાસ લખવા જરૂરી છે. જાતીય પરીક્ષણ કરનાર કે કરવા પ્રોત્સાહિત કરનારને રૂા. ૫૦,૦૦૦ સુધીનો દંડ તથા પાંચ વર્ષની કેદ થઈ શકે છે.

કેન્દ્ર સરકાર ૫૦ કરોડ ભારતીયો માટે વિશ્વકર્મા ખાતાં ખોલશે

હવે નોકરી ચાલી જશે તો વિશ્વકર્મા ખાતું મદદ કરશે

ગાંધીનગર, તા. ૧૨

સરકાર પ્રાઈવેટ સેક્ટરમાં નોકરી કરતા કામદારો અને કર્મચારીઓ માટે એક નવી યોજના લાવી રહી છે. કેન્દ્રીય શ્રમપ્રધાન સંતોષ ગંગવારે જણાવ્યું હતું કે સરકાર અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતા વર્કર્સને પીએફ-પેન્શન સહિત અન્ય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા એક પ્લાન તૈયાર કર્યો છે.

હવે જો કોઈની નોકરી ચાલી જશે તો પરિવારનો ખર્ચ ચલાવવાની ચિંતા રહેશે નહીં. વિશ્વકર્મા ખાતાં ખોલાવવામાં આવશે અને તેના દ્વારા પરિવારનો ખર્ચ ચાલશે. મોદી સરકાર આગામી સમયમાં ૫૦ કરોડ ભારતીયો માટે વિશ્વકર્મા ખાતાં ખોલશે. આ એક પ્રકારનું સોશિયલ સિક્યોરિટી ખાતું હશે, જે નોકરી ગુમાવનાર કર્મચારીને પીએફ-પેન્શન અને ગ્રૂપ મેડિકલ ઈન્સ્યોરન્સ ઉપરાંત બેરોજગારી ભથ્થાં જેવા ફાયદા અપાવશે.

અહેવાલો અનુસાર કંપની જ પોતાના કર્મચારીઓનું સોશિયલ સિક્યોરિટી એકાઉન્ટ વિશ્વકર્મા કર્મિક સુરક્ષા ખાતાં ખોલાવશે અથવા તો કામદાર સ્વયં આ ખાતું ખોલાવી શકશે. આ ખાતું પોર્ટેબલ હશે અને બીજી કંપનીમાં પણ ટ્રાન્સફર કરી શકાશે.